ભાવનગર જિલ્લાની શ્રમ અદાલત નં.૨ ના પ્રમુખ અધિકારી
શ્રી બી.કે.રાવલ સમક્ષ

રેફરન્સ (એલ.સી.બી.) નં.૫૪૪/૨૦૦૧

આંક : ૬૩

અરજદાર : **શ્રી મથુરભાઇ મોહનભાઇ બારૈયા,**
ખેડુતવાસ,
રજપુત સોસાયટી,
પ્લોટ નં.૨૦૪ ની સામે,
મફતનગર,
ભાવનગર.

વિરૂદ્ધ

સામાવાળા : **જનરલ મેનેજરશ્રી,**
એકસેલ ઇન્ડસ્ટ્રીઝ લી.,
હાલ સુમીટોમો કેમીકલ ઇન્ડીયા લી.,
રૂવાપરી રોડ,
ભાવનગર.

વિષય : આઇ.ડી.એકટની કલમ–૧૦ (૧) સી અન્વયે ન્યાય નિર્ણય કરવા અંગે

પ્રતિનિધિત્વ :–

અરજદાર તરફે : વિ.પ્રતિનિધિ શ્રી પ્રકાશભાઇ પટેલ

સામાવાળા તરફે : વિ.વકીલ શ્રી ડી.ડી. છાયા

-: એવોર્ડ :-

(૧) મદદનીશ શ્રમ આયુકતશ્રી, ભાવનગરે તેમના તા.૨૦/૧૦/૨૦૦૧ ના હુકમ નં.કે.એચ. / એસ.એચ.એમ.સી. / બી.એચ.એ. / એ.જે.બી. / આઇ.ડી.આર. નં.૪૦૫ / ૨૦૦૧ / ૮૫૭૩ થી અત્રેની અદાલત ભાવનગરને ન્યાય નિર્ણય કરવા અર્થે સુપ્રત કરવામાં આવેલ છે જેની અનુસૂચિ નીચે મુજબ છે.

-: અનુસૂચિ :-

'' શ્રી મથુરભાઇ મોહનભાઇ બારૈયાને તેમના પડેલા દિવસોના પુરા પગાર સાથે તેમની મુળ જગ્યાએ સળંગ નોકરીથી પુન:સ્થાપિત કરવા જોઇએ કે કેમ?

(૨) સદરહુ કામે પક્ષકારોને આંક-૨ ની વિગતે નોટીસ કરવામાં આવેલ છે જે નોટીસ પક્ષકારોને ધોરણસર બજી ગયા અંગેનો બેલીફનો શેરો સામેલ છે. ત્યારબાદ આ કામે અરજદારે આંક-૯ થી તા.૦૧/૦૮/૨૦૧૩ ના રોજ માંગણીનું નિવેદન રજુ કરેલ છે. જે વંચાણે લેતાં, તે અનુસંધાને તેઓએ જણાવેલ છે કે, અરજદાર સામાવાળાના કારખાનામાં તા.૧૫/૦૨/૧૯૭૬ માં દાખલ થયા હતા અને સામાવાળાના ટ્રાન્સપોર્ટ વિભાગમાં જુદા-જુદા વાહનોના ડ્રાઇવર તરીકે ખંત અને વફાદારીથી ફરજો બજાવતા હતાં અને અરજદાર પાસે હેલ્પર તરીકેની પણ કામગીરી લેવામાં આવતી. અરજદારને છેલ્લે રૂા.૭,૦૦૦/- પગાર હતો અને અરજદારે બરતરફ કર્યા ત્યાં સુધી સતત અને સળંગ નોકરી કરેલ. અરજદારની લાંબા સમયની નોકરીમાં કોઇ ગંભીર પ્રકારના આક્ષેપો કે બનાવો બનેલ નથી. અરજદાર યુનિયનમાં હોવાથી તે સમયે શ્રી રઘુભાઇ ગમારા કે જેઓ યુનિયનના લીડર હતા તેમની નજીક અરજદાર હોય

અને કામદારોના પ્રશ્નો બાબતે રસ લેતા હોય જેથી સામાવાળી કંપનીએ કિન્નાખોરી તથા રાગદેશ રાખી અરજદાર સાથે અન્ફેર લેબર પ્રકટીસ આચરીને અરજદારને ચાર્જશીટ આપેલ. જે અન્વયે અરજદારે જવાબ તથા વાંધા રજુ કરેલ અરજદાર અભણ અને અજ્ઞાન હોય જેથી યુનિયનની સલાહ સુચન લેવાની ફરજ પડેલ તેમ છતાં સામાવાળાએ ખાતાકીય તપાસમાં બોલાવેલા અને સેકન્ડ શોકોઝ નોટીસ આપેલ જેનો અરજદારે જવાબ આપેલ હોવા છતાં તમામ હકીકતોને લક્ષમાં લીધા વગર તા.૨૩/૦૮/૨૦૦૧ ના રોજ હુકમથી સામાવાળાએ અરજદારને બરતરફ કરી દિધેલ. અરજદારને ચાર્જશીટ સાથે જરૂરી દસ્તવેજી પેપર્સ, પ્રીઈન્કવાયરી નિવેદનનોની નકલો આપેલ નહીં. સામાવાળી સંસ્થાને સંતોષકારક ખુલાસો કરવા છતાં સંસ્થાએ ખાતાકીય નાટક કરી ઈન્કવાયરી ઓફીસર તટસ્થ ન હોય અને કંપનીના માણસ તરીકે વર્તી અમારા વિરૂદ્ધ ખાતાકીય તપાસ દબાણ અને ધાક–ધમકી નીચે ચલાવેલ તેમજ યુનિયનના લિડર કે હોદ્દેદાર અથવા વકીલશ્રીને આવા પ્રકરણમાં બચાવમાં રોકવા દેવા જોઈએ તે રોકવા દિધેલ નહીં. ઈન્કવાયરી દરમ્યાન જરૂરી દસ્તાવેજો અને આધારોની નકલો આપેલ નહીં તેમજ કહેવાતા સાક્ષી પુરાવાનું લીસ્ટ ચાર્જશીટ સાથે આપેલ નહી કે તેમના નિવેદનોની નકલો આપેલ નહીં. ઈન્કવાયરીમાં કહેવાતા સાક્ષી પુરવાના નિવેદનો ઈન્કવાયરી ઓફીસરશ્રીએ પોતાની રીતે લખેલ અને અરજદારને ઉલટ કરવા દિધેલ નહીં. આમ, અરજદારને વ્યાજબી ન્યાચી અને કાયદેસરની તક ન આપી તેમજ રજુઆતો ધ્યાને ન લઈ કુદરતી ન્યાયના સિદ્ધાંતનું પાલન કરેલ નથી. ઈન્કવાયરીમાં બચાવના સાક્ષી કે દસ્તાવેજો રજુ કરવા દિધેલ નહીં કે માંગચા મુજબનું રેકર્ડ રજુ કરેલ ન હોય અને મનસ્વી મરજીથી ટુંકી મુદ્દતો રાખી ખુબ જ ઝડપથી ખાતાકીય તપાસ ચલાવવાનું આગ્રહ રાખતા અને તે મુજબ અમલ કરતા. ઈન્કવાયરીમાં

સામાવાળી સંસથાએ કુદરતી ન્યાયના પ્રાથમિક સિદ્ધાંતોનું પાલન કરેલ નથી. દસ્તાવેજો અગાઉથી કે ઇન્કવાયરીમાં આપેલ નથી. વાંધા અરજીનો કાયદેસર નિકાલ કરેલ નથી તેમજ ઇન્કવાયરી ઓફીસર તટસ્થ ન હોય અને કંપની તરફી માનસ વલણ અને નિતી ધરાવતા હોય જેથી અરજદારની રજુઆતો ધ્યાને લીધેલ નથી અને બચાવની તક આપેલ નથી. બચાવ માટે યુનિયન પ્રતિનિધિ કે વકીલને રોકવા દિધેલ નથી. કહેવાતા સાક્ષી પુરાવા અગાઉ લીધેલ નિવેદનોની નકલો તેમજ પુરાવાની નકલ આપેલ નથી અને ક્રોસની વ્યાજબી તક આપેલ નથી. આમ, સામાવાળી સંસ્થાએ ઇન્કવાયરીની મુદ્દતો ટુંકી રાખી મન્સવી રીતે જબરજસ્તીથી ખાતાકીય તપાસ કરેલ જે ખાતાકીય તપાસ ગેરકાયદેસર, ગેરવ્યાજબી, મનસ્વી, અન્યાયી અને કુદરતી ન્યાયના સિદ્ધાંત વિરૂદ્ધ હોય અને બચાવની વ્યાજબી તક વિનાની તથા રાગદેષ વાળી હોય જેથી રદ્દ કરવા જણાવેલ છે.

અરજદારે તેઓના માંગણા નિવેદનમાં વધુમાં જણાવેલ છે કે, ઇન્કવાયરીના નાટક બાદ શો–કોઝ નોટીસ આપેલ જેની સાથે પ્રીઇન્કવાયરી પેપર્સ કે ઇન્કવાયરી ચાલુ કર્યાથી અંત સુધીના તમામ પેપર્સ નિવેદનો આપેલ નથી. તેમજ અરજદારે આપેલ જવાબ તટસ્થ રીતે જોયેલ નથી અને લક્ષમાં લીધેલ નથી. અરજદારને આપેલ શો–કોઝ નોટીસ ગેરકાનુની અને ગેરવ્યાજબી હોય તેમજ અરજદાર સામેની ચાર્જશીટથી લઇને બરતરફી કરવાના નિર્ણય સુધીની તમામ વિગતો જોતા આ વિગતો ગેરકાયદેસર, અન્યાયી અને કુદરતી ન્યાયના વિરૂદ્ધની તેમજ અનફેર લેબર પ્રેકટીસ આચરીને કરેલી હોય જેથી રદ્દ થવાને પાત્ર છે. અરજદારનો અગાઉનો રેકર્ડ પુરતા પ્રમાણમાં લીધેલ નથી. સામાવાળી સંસ્થાએ કોર્પોરેટ સંસ્થા છે. જેમાં સુકયુરીટી ડિપાર્ટમેન્ટ છે અને સમ્યાન્તરે ચેકીંગ કરતા હોય છે. દરરોજ મેઇન ગેઇટ પર આવવા જતા રેગ્યુલર

ચેકીંગ થતું હોય છે. અરજદારની ૨૫ વર્ષો કરતા વધુ નોકરીના સમયગાળામાં કોઇ ગંભીર બનાવ બન્યો નથી તેથી અરજદારનો રેકર્ડ સારો ગણાય બીજી રીતે જોતા પણ કહેવાતા આક્ષેપોને અરજદારની લાંબા સમયની કાયમી નોકરીને ધ્યોન લેતા કરવામાં આવેલ સજા પણ બિનપ્રમાણસર તથા વધુ પડતી હોય કોર્ટને તેમાં ફેરફાર કરવાનો આ કાયદાની કલમ–૧૧(એ) અન્વયે અધિકાર છે.

અરજદારે તેઓના માંગણા નિવેદનમાં વિશેષમાં જણાવેલ છે કે, અરજદારે વર્ષો સુધી વફાદારીથી ફરજ બજાવેલ હોય અને અરજદાર અભણ અને શૈક્ષણીક પછાત વર્ગના હોય તેમજ કુટુંબનું ભરણપોષણ કરવાની જવાબદારી તેમના શીરે હોય અને નોકરી મેળવવા જુદી–જુદી જગ્યાએ પ્રયાસો કરેલ હોવા છતાં કયાંય નોકરી મળી શકેલ નથી અને ઘરના ભરણપોષણ માટે સગા સબંધી પાસેથી ઉછીની રકમ લીધેલ હોય હાલ અરજદાર કરજમાં ડુબેલ હોવાનું અને અરજદારની તબીયત નાદુરસ્તી રહેતી હોય જેથી સામાવાળાના આ પગલાના કારણે ઇ.એસ.આઇ.ના લાભો મળતા બંધ થયેલ હોવાનું જણાવેલ છે. અરજદારે તા.૨૩/૦૮/૨૦૦૧ નો સામાવાળાનો બરતરફીનો હુકમ ગેરકાયદેસર, ગેરવ્યાજબી અને અન્યાયી ઠરાવી અરજદારને પુરા પડેલ સમયના પુરા પગાર સાથે તેમજ તમામ લાભો સાથે સળંગ નોકરી ગણી પુનઃ સ્થાપિત કરવા હુકમ કરવા અરજ કરેલ છે.

(૩) સામાવાળા સંસ્થા તરફે આંક–૧૦ થી મુ.તા.૦૫/૦૯/૨૦૧૩ ના રોજ જવાબ/બચાવનામું રજુ થયેલ છે જે વંચાણે લેતાં, તે અન્વયે સામાવાળા તરફે જણાવેલ છે કે, અરજદારે ૧૨ વર્ષ બાદ માંગણા નિવેદન રજુ કરેલ હોય તે સંજોગોમાં ખરેખર કોઇ લાભ મળવાપાત્ર રહેતું ન હોવાનું અને અરજદાર હાલનો વિવાદ ઉપસ્થિત કરવા કોઇ પ્રસ્થાપિત હક્ક ધરાવતા ન હોય જેથી રેફરન્સ રદ્દ

કરવા જણાવેલ છે. સામાવાળી સંસ્થાએ અરજદાર સામે કાયદેસરની ન્યાયીક ખાતાકીય તપાસ કરવામાં આવેલ અને ત્યારબાદ તેમની સામેના આરોપો પુરવાર થતા સંસ્થાને લાગુ પડતા સ્થાયી આદેશોની જોગવાઇ મુજબ તેમની છુટા કરવામાં આવેલ છે. જે સંજોગોમાં પ્રથમ ખાતાકીય તપાસની કાયદેસરતાનો મુદ્દો નક્કી કરી આપવા અરજ કરેલ છે. તેમજ અરજદારે તેઓના માંગણા નિવેદનમાં જણાવેલ વિગતો ખરી અને સત્ય ન હોવાનું અને અરજદારને બચાવની પુરતી તક આપવામાં આવેલ હોવાનું તેમજ ખાતાકીય તપાસ કુદરતી ન્યાયના સિદ્ધાંત અનુસાર કરેલ હોય જેથી અરજદારને કરવામાં આવેલ બરતફીનો હુકમ ન્યાયી હોવાનું જણાવેલ છે. અરજદારે પોતે માંગણા નિવેદન ૧૨ વર્ષ સુધી રજુ કરી શકેલ ન હોય જેથી આ કાયદાની કલમ–૧૧(એ) મુજબ લાભ મળવાપાત્ર નથી. અરજદાર તા.૨૫/૧૧/૨૦૦૩ ના રોજ નિવૃતી વયમર્યાદા વટાવી ગયેલ છે જેથી તેઓ નવેમ્બર–૨૦૦૩ પછી તેઓ પુનઃ સ્થાપિત થવા હક્કદાર થતા નથી. તેથી પુનઃ સ્થાપિત કરવાનો કે અન્ય દાદ આપવાનો પ્રશ્ન રહેતો નથી. અરજદાર સામે ચોરીને ગંભીર પ્રકારનો આરોપ હતો અને બચાવની પુરતી તક આપવાના ઈરાદાથી અરજદાર સામે કુદરતી ન્યાયના સિદ્ધાંત અનુસાર ખાતાકીય તપાસ શરૂ કરી તેમને તમામ નકલો આપી અને બચાવની પુરતી તક આપીને તપાસ અધિકારીશ્રીએ અરજદારના તમામ આરોપો માનેલ અને તેમને સજા કરતા પહેલા સ્થાયી આદેશોની જોગવાઇ મુજબ સેકન્ડ શો–કોઝ નોટીસ આપવામાં આવેલ જેનો સંતોષકારક જવાબ ન આપતા તેમને છુટા કરવાનું આખરી પગલું લીધેલ. આમ, અરજદારને મોર્ડન સ્ટેન્ડીંગ ઓડર્સના નિયમ મુજબ ખાતાકીય તપાસ કરી તેઓને છુટા કરેલ હોય જેથી અરજદારને છુટા કરવાનું પગલું કાયદેસરનું

અને વ્યાજબી હોય જેથી અરજદારનો રેફરન્સ કાયદેસર રીતે ટકી શકે તેમ ન હોય જેથી આ રેફરન્સ રદ્દ કરવા જણાવેલ છે.

(૪) સદરહુ કામે અરજદાર તરફે નીચે મુજબના મૌખિક તથા દસ્તાવેજી પુરાવા રજુ થયેલ છે.

અરજદાર તરફે મૌખિક પુરાવો :–

આંક	વિગત	તારીખ
આંક–૨૧	અરજદારે આંક–૨૧ થી પુરાવારૂપી જુબાની રજુ કરેલ છે જેની ઉલટતપાસ મુ.તા.૧૦/૧૨/૨૦૧૫ ના રોજ વિ.વકીલ શ્રી ડી.ડી. છાયા દ્વારા લેવામાં આવેલ.	તા.૨૦/૧૧/૨૦૧૪

અરજદાર તરફે દસ્તાવેજી પુરાવો :–

સદરહુ કામે અરજદાર તરફે આંક–૫૮ થી દસ્તાવેજો રજુ કરેલ છે જેને અનુક્રમે આંક–૫૯ આપવામાં આવેલ છે જે નીચે મુજબ છે.

આંક	વિગત	તારીખ
આંક–૫૯	અરજદારે સામાવાળાને સેકન્ડ શો–કોઝ નોટીસનો જવાબ આપેલ તેની નકલ.	તા.૦૬/૦૮/૨૦૦૧

સદરહુ કામે અરજદાર તરફે આંક–પ૨ થી દસ્તાવેજો રજુ કરેલ છે જેને અનુક્રમે આંક–પપ આપવામાં આવેલ છે જે નીચે મુજબ છે.

આંક	વિગત	તારીખ
આંક–પપ	ઈન્કવાયરી ફાઇન્ડીગ્ઝની નકલ.	–

સદરહુ કામે અરજદાર તરફે આંક–૨૦ થી પુરસીસ આપી તેઓ ખાતાકીય તપાસને પડકારતા નથી પરંતુ ફાઇન્ડીંગ્જ પરવર્સ હોય સજાનો હુકમ હાર્ષ હોય તેને પડકારતા હોવાનું જણાવેલ છે.

સદરહુ કામે અરજદારે આંક–૨પ થી મુ.તા.૧૦/૧૨/૨૦૧પ ના રોજ વિશેષ મૌખિક પુરાવો આપવો નથી તે પુરસીસથી જાહેર કરેલ છે.

(પ) સદરહુ કામે સામાવાળા તરફે નીચે મુજબના મૌખિક તથા દસ્તાવેજી પુરાવા રજુ થયેલ છે.

સામાવાળા તરફે મૌખિક પુરાવો :–

આંક	વિગત	તારીખ
આંક–૪૭	સામાવાળા તરફે સાક્ષીશ્રી ભરતભાઇ પી.સઢીયાએ આંક–૪૭ થી પુરાવારૂપી સોગંદનામું રજુ કરેલ છે જેની ઉલટતપાસ મુ.તા.૦૯/૦૨/૨૦૧૭ ના રોજ વિ.પ્રતિનિધિ શ્રી પ્રકાશભાઇ પટેલ દ્ધારા લેવામાં આવેલ.	તા.૨૦/૧૦/૨૦૧૬

સામાવાળા તરફે દસ્તાવેજી પુરાવો :–

આ કામે સામાવાળા તરફે આંક–૧૬ થી દસ્તાવેજી પુરાવા લીસ્ટ રજુ કરેલ છે જેને અનુક્રમે આંક–૩૦ થી આંક–૪૨ આપવામાં આવેલ છે જે નીચે મુજબ છે.

ક્રમ	આંક	વિગત	તારીખ
(૧)	આંક–૩૦	અરજદારને પેન્ડીંગ ઈન્કવાયરી સસ્પેન્ડ કરતો પત્ર	–
(૨)	આંક–૩૧	અરજદાર સામેનું આરોપનામું તથા ખાતાકીય તપાસની જાણ	–
(૩)	આંક–૩૨	ઉપરોકત આરોપનામાની એકનોલેજમેન્ટ	–
(૪)	આંક–૩૩	ખાતાકીય તપાસનું રોજકામ કુલ ૯૦ પાના ૪/૧ થી ૪/૯૦	–
(૫)	આંક–૩૪	ખાતાકીય તપાસ કંપનીની લેખિત દલીલ	–
(૬)	આંક–૩૫	ઉપરોક્ત દલીલ અરજદારને મોકલ્યાની એકનોલેજમેન્ટ	–
(૭)	આંક–૩૬	અરજદારને આપેઈ સેકન્ડ શો–કોઝ નોટીસ	–
(૮)	આંક–૩૭	અરજદારની ગેરવર્તણુંકનું પરિશિષ્ટ	–

(૯)	આંક–૩૮	અરજદારને બરતરફ કરતો હુકમ	–
(૧૦)	આંક–૩૯	અરજદારને ફુલ એન્ડ ફાઇનલ સેટલમેન્ટ	–
(૧૧)	આંક–૪૦	અરજદારના ફુલ એન્ડ ફાઇનલ સેટલમેન્ટ	–
(૧૨)	આંક–૪૧	અરજદારે રજુ રાખેલ જન્મ તારીખનો દાખલો	–
(૧૩)	આંક–૪૨	અરજદારે રજુ રાખેલ જન્મ તારીખનો દાખલો	–

આ કામે અરજદારે આંક–૪૪ થી સામાવાળાના ખાતાકીય તપાસના પેપર્સમાં ફાઇન્ડીગ્ઝની નકલ રજુ કરવા અરજી રજુ કરેલ છે જે અરજીમાં મારા પુરોગામી જજશ્રી દ્વારા નકલ રજુ કરવાનો હુકમ કરવામાં આવેલ છે.

સામાવાળા તરફે કોઇ મૌખિક પુરાવો રજુ કરવા માંગતા ન હોય પુરાવો પુરો થયા અંગેનું પુરસીસ આંક–૫૬ થી જાહેર કરેલ છે.

(૬) આ કામે અરજદાર તરફે વિ.પ્રતિનિધિ શ્રી પ્રકાશભાઇ પટેલે આંક–૬૧ થી લેખિત દલીલો તેમજ મૌખિક દલીલો કરેલ છે જે ધ્યાને લીધી જયારે સામાવાળા તરફે વિ. વકીલ શ્રી ડી.ડી. છાયાએ આંક–૬૦ થી લેખિત દલીલો રજુ કરેલ છે તેમજ મૌખિક દલીલો સાંભળી તથા તેઓએ રજુ કરેલ નામદાર હાઇકોર્ટ તથા સુપ્રીમ કોર્ટના ચુકાદાઓ માનસહ વંચાણે લીધા.

(૭) સદરહુ બંને પક્ષકારોની દલીલો ધ્યાને લીધી. રેકર્ડ વંચાણે લીધું. મારા ન્યાય નિર્ણય અર્થે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થયેલ છે.

:: મુદ્દાઓ ::

(૧) શું અરજદાર પુરવાર કરે છે કે, અરજદાર સામે કરવામાં આવેલ ખાતાકીય તપાસમાં તપાસ અધિકારીનું તારણ બેઝલેસ અને પરવર્સ છે?

(૨) શું અરજદારને કરવામાં આવેલ બરતરફીની સજા તેમની સામે સાબીત થયેલ ગુનાના પ્રમાણમાં છે?

(૩) શું અરજદાર નોકરીમાં પુનઃસ્થાપિત થવા હક્કદાર થાય છે?

(૪) શું અરજદાર પડેલ દિવસોનો કોઈ પગાર મેળવવા હક્કદાર થાય છે?

(૫) શું હુકમ?

(૮) ઉપરોકત મુદ્દાઓના મારા નિર્ણયો નીચે મુજબ છે.

(૧) હકારમાં,

(૨) નકારમાં,

(૩) અંશતઃ હકારમાં ,

(૪) અંશતઃ હકારમાં ,

(૫) આખરી હુકમ મુજબ,

(૯) મારા નિર્ણયના કારણો નીચે મુજબ છે.

(એ) મુદ્દા નં.૧ ની ચર્ચા :-

આ કામે અરજદારે તેમના માંગણા નિવેદનમાં તેમની સામે કરવામાં આવેલ ખાતાકીય તપાસમાં કુદરતી ન્યાયના સિદ્ધાંત મુજબ બચાવની તક મળેલ નહીં તેમ જણાવેલ છે અને ખાતાકીય તપાસને પડકારેલ છે પરંતુ ચાલુ કેસ દરમ્યાન આંક-૨૦ થી ઈન્કવાયરીની કાયદેસરતા અંગેની પુરસીસ આપી

તેઓએ ઈન્કવાયરીની કાયદેસરતા પડકારતા ન હોવાનું પરંતુ ફાઈન્ડીગ્ઝ અને સજાની માત્રા પડકારતા હોવાનું જણાવેલ છે. આમ, અરજદારે આંક–૨૦ ની પુરસીસથી ખાતાકીય તપાસની કાયદેસરતાની તકરાર જતી કરે છે પરંતુ ફાઈન્ડીગ્ઝ અંગેની તકરાર ઉભી રાખે છે તેમ જણાવે છે. તેથી બીજા પક્ષકાર સામે કરવામાં આવેલ ખાતાકીય તપાસની કાયદેસરતા અંગે કોઈ નિર્ણય કરવાનો રહેતો નથી. આ કામે અરજદારના જણાવ્યા મુજબ તેમની સામે કરવામાં આવેલ ખાતાકીય તપાસમાં તપાસ અધિકારીનું તારણ બેઝલેસ અને પરવર્સ છે અને પડેલા પુરાવાથી વિપરીત તારણ છે તેવી દલીલ છે. આ કામે આંક–૩૧ થી આરોપનામું ઘડવામાં જેમાં અરજદાર સામે નીચે મુજબના આક્ષેપ મુકવામાં આવેલ છે.

આક્ષેપઃ–

''કંપનીની માલીકીની રબ્બર (પી.વી.સી.) ની નોઝલ બન્ને બાજુ બેન્જો સાથેની આશરે ૨ ફુટ કિંમત આશરે રૂ.૪૦/– તા.૦૭/૦૭/૧૯૯૯ ના રોજ બપોરના ૩ કલાકે ફરજ પરથી ઘર જતી વખતે કંપનીના મેઈન ગેઈટ પાસે સિકયુરીટી ચેકીંગ દરમ્યાન તમારા કબજામાંથી નિકળેલ અને આ રીતે કંપનીની માલીકીની વસ્તુ ચોરીના ઈરાદે કંપની બહાર લઈ જવાનું ગેરવર્તન.''

ઉપરોક્ત જણાવેલ આક્ષેપો અન્વયે પુરાવાઓ તપાસીએતો આ કામે ખાતાકીય તપાસની કાર્યવાહી તા.૨૬/૦૭/૧૯૯૯ થી શરૂ કરીને તા.૦૯/૦૭/૨૦૦૧ સુધી કરવામાં આવેલ છે જે ખાતાકીય તપાસમાં કંપનીના પ્રતિનિધિ તરીકે ડિપાર્ટમેન્ટના હેડ હાજર રહેલ છે જયારે કામદાર તેમજ તેમના યુનિયન પ્રતિનિધિ પણ હાજર રહેલા છે. ખાતાકીય તપાસમાં કંપની તરફે સાક્ષીઓને તપાસવામાં આવેલ છે તેમજ આ સાક્ષીની અરજદારના

પ્રતિનિધિશ્રીએ ઉલટતપાસ પણ કરેલ છે. તેમજ કામદાર તરફે પણ સાક્ષીઓ રજુ કરવામાં આવેલા છે અને આ સાક્ષીઓની ઉલટતપાસ કંપનીના પ્રતિનિધિએ કરેલ છે. આમ, ખાતાકીય તપાસ દરમ્યાન દરેક પક્ષકાર હાજર રહેલ છે અને સરતપાસ તેમજ ઉલટતપાસ તેમજ દલીલ કરવામાં આવેલ છે. આ કામે કંપની તરફે જેમીંનભાઇ જી.ભટ્ટને તપાસવામાં આવેલ છે જેઓ કંપનીમાં એકઝીકયુટીવના હોદ્દા પર હોવાનું જણાવેલ છે. જેઓની જુબાનીમાં તેઓએ સીકયુરીટીશ્રી શર્માએ તેમને ફોન કરીને જણાવેલ કે, ગેઇટ પર મથુરભાઇ પાસેથી એક ચીઝ મળી આવેલ છે જે ચેક કરવા જણાવતા તેઓ ત્યાં ગયેલા અને તે સમયે અરજદાર મથુરભાઇ તથા શર્મા તથા અન્ય વોચમેન હાજર હતા અને અરજદાર પાસેથી ૨ ફુટ લાંબી પી.વી.સી. નોઝર કંપીનીની માલીકીની નિકળેલી. આ સાક્ષીની ઉલટતપાસ પણ અરજદારના પ્રતિનિધિશ્રીએ કરેલ છે તે ઉપરાંત આ કામે કંપનીના બે સીકયુરીટી વોચમેનો તેમજ સાક્ષી કાંતીભાઇ રવજીભાઇ પટેલ કે જેઓની કંપનીનું બીલ અરજદારે રજુ કરેલું તેઓએ પણ આ કામે કંપનીએ સાક્ષી તરીકે તપાસેલ છે. આ કામે આ સાક્ષીઓની ઉલટતપાસ કરવામાં આવેલ છે અને ત્યારબાદ તપાસ અધિકારીએ તેઓના તારણોમાં અરજદાર પાસેથી પી.વી.સી. નોઝલ નિકળેલ હોવાની બાબતને નિર્વિવાદ માનેલ છે અને બે વોચમેન તથા મથુરભાઇ મોહનભાઇની જુબાની પરથી પણ સમર્થન મળેલ હોવાનું જણાવેલ છે. તેમજ અરજદારના કબજામાંથી પી.વી.સી. નોઝલ નિકળેલ હોવાની અને કંપનીની માલીકીની હોવા અંગેના સ્પષ્ટ નિવેદનો બી.એન. જાડેજા તથા બી.બી.રાણા તેમજ જે.જી.ભટ્ટા દ્ધારા આપવામાં આવેલ હોય અને અરજદારે કરેલ ઉલટતપાસથી પણ કોઇ લાભ મળી શકેલ ન હોય તેમજ અરજદારે મથુરભાઇ (એટલે કે હાલના અરજદાર) આંક–૧૨ થી જે બીલ રજુ કરેલ છે તે બીલ ઉભું કરેલું અને

ફેબ્રીકેટેડ હોય અને તેમાં તારીખમાં ચેકચાક હોય જે સાબીત થતું હોય અને અરજદારે પ્રથમ પાળીમાં ૮ કલાક સુધી ફરજ પર હાજર હોવા છતાં સીક્યુરીટીને તેમની માલીકીની પી.વી.સી. નોઝલ અંગે જાણ કરી શક્યા નહીં જેથી અરજદારનો ઈરાદો ચોરીનો હોવાનું સ્પષ્ટ પણે પુરવાર માનીને આ ગુનો અરજદારે કરેલ હોવાનું સાબીત ઠરાવેલ છે.

આ કામે અરજદારે જયારે ખાતાકીય તપાસને પડકારેલ નથી પરંતુ તપાસ કરનાર અધિકારીએ આપેલ તારણોને પડકારેલ હોય ત્યારે તપાસ કરનાર અધિકારીએ આપેલા તારણોને ઘ્યાને લેવા જોએ. આ કામે તપાસ કરનાર અધિકારીએ કંપનીના સાક્ષીઓની સરતપાસ તેમજ ઉલટતપાસને આધારે એ બાબત માનેલ છે કે, અરજદારની પાસેથી પી.વી.સી. નોઝલ મળી આવેલ છે. અરજદારનો પણ તેઓના કબજામાંથી આ નોઝલ મળી આવેલ હોવા અંગેનો કોઈ ઈનકાર નથી. પરંતુ અરજદારે આ પી.વી.સી. નોઝલ તેઓની હોય અને ભુલથી જમાં કરાવવાની રહી ગયેલ હોય જેથી તેઓની માલીકીની નોઝલ હોવાથી તેઓના કબજામાં હોવાનું જણાવેલ છે. આ કામે સમગ્ર તારણો જોવામાં આવે તો આ તપાસ દરમ્યાન ફરિયાદ પક્ષ તરફે સીક્યુરીટી ગાર્ડ તેમજ સીક્યુરીટી ડિપાર્ટમેન્ટના કર્મચારીની જુબાની લેવામાં આવેલ છે અને આ જુબાનીમાં પણ તેઓએ જયારે અરજદારને ચેક કરતા હતાં ત્યારે એક પાળીનો છુટવાનો ટાઇમ હતો અને બીજી પાળીનો શરૂ થવાનો ટાઇમ હોય જેથી આ સમય દરમ્યાન ઘણા કામદારો ત્યાં હાજર હતાં તેમ છતાં કોઈપણ કામદારના નિવેદનો આ કામે લેવામાં આવેલ નથી. માત્ર સીક્યુરીટી ડિપાર્ટમેન્ટના નિવેદનો લેવામાં આવેલ છે. તેમજ જે વસ્તુ અરજદારના કબજામાંથી લેવામાં આવેલ તે વસ્તુનું કોઈ પંચનામું કરવામાં આવેલ નથી કે આ વસ્તુ સીલ કરવામાં આવેલ નથી. આ કામે અરજદાર તરફે તપાસના કામે આંક–૧૨ થી

રગતીયા એનજીનીયરીંગ કંપનીનું બીલ અરજદારે રજુ કરેલ છે તે બીલ અંગે ફરીયાદ પક્ષ તરફે આ કંપનીના પાર્ટનરને તપાસેલ છે જેમાં તેઓએ આ બીલમાં એકચાક કરેલ હોવાનું જણાવેલ છે. પરંતુ આ કામે અરજદારે તેઓને ત્યાં ખરીદી કરેલ હોવાનું પણ તેઓએ માનેલ છે. આમ અરજદાર પાસેથી જે વસ્તુ મળી આવેલ તે તેઓની ન હોવાનું જણાવેલ છે પરંતુ તે અંગે કોઇ વિશેષ સ્પષ્ટીકરણ કરી શકેલ નથી. આ કામે તપાસ કરનાર અધિકારીએ કામદારની પાસેથી મળી આવેલ પાઇપ કામદાર પોતાની માલીકીની પુરવાર કરી શકેલ ન હોય તેથી અરજદારને તેઓએ આ કંપનીમાંથી પાઇપ ચોરેલ હોવાનું માનેલ છે. પરંતુ ખરી હકીકતે જયારે કંપનીના કર્મચારીની ફરીયાદ એવી હોય કે, આ કામદાર પાસે જે વસ્તુ મળી આવેલ છે તે વસ્તુ કંપનીની માલીકીની છે તો તે પુરવાર કરવાની જવાબદારી કંપનીના શીરે છે. કારણ કે, કંપનીમાં જે વસ્તુની ખરીદી કરવામાં આવતી હોય તેના વાઉચરો રાખવામાં આવતા હોય છે. આ કામે જે વસ્તુ કામદારના કબજામાંથી મળી આવેલ તે નોઝલ પાઇપ એ ગાડીમાં વપરાતો પાઇપ છે અને આ કંપની દ્વારા આ વસ્તુનું ઉત્પાદન કરવામાં આવતું નથી. પરંતુ આ ગાડીના સ્પેરપાર્ટ બહારથી ખરીદવામાં આવતા હોવાનું જણાવેલ છે ત્યારે ફરીયાદીએ આ કામે જે વસ્તુ કંપનીની હોવાનું જણાવેલ છે તેની ખરીદી અંગેના વાઉચરો આ કામે રજુ કરવા જોઇએ તેમજ કંપનીમાં જયારે કોઇપણ વસ્તુ ખરીદવામાં આવતી હોય ત્યારે તેના ખરીદીના બીલો રાખવામાં આવતા હોય છે તેમજ આ વસ્તુઓના સ્ટોક મેઇનટેઇન કરવા સ્ટોક કિપરની નિમણુંક કરવામાં આવતી હોય છે જેના દ્વારા કંપનીમાં આવતી વસ્તુ અને ઉપયોગ અને આ વસ્તુના કયાં વાહનોમાં ઉપયોગ કરવામાં આવેલ છે તેની જાવક પણ રાખવામાં આવતી હોય છે. જેથી દરેક સ્ટોક મેઇનટેઇન થાય છે અને આવેલ માલસામાન કયાં વાપરવામાં આવેલ છે તેની સંપૂર્ણ જાણકારી મળી રહે છે. આ

કામે ફરીયાદીએ આ અરજદાર પાસેથી મળેલ નોઝલ પાઇલ કંપનીની માલીકીની હોવાનો આક્ષેપ કરેલ છે પરંતુ કંપનીની માલીકી અંગેના કોઇ આધાર પુરાવાઓ આ કામે રજુ કરવામાં આવેલા નથી. તદ્ઉપરાંત આ કામે આંક–૧૨ થી જે બીલ રજુ થયેલ છે તે રગીતીયા એન્જીનીયરીંગ કંપની આ કંપનીને પણ માલસામાન સપ્લાય કરતા હોવાનું જણાવેલ છે. તેમજ આ અરજદારે આપેલ બીલ એ ખોટું હોવાનું જણાવેલ છે અને તેમાં તારીખમાં ચેકચાક થયેલ હોવાનું જણાવેલ છે. પરંતુ અરજદારે તેઓ પાસેથી આ બીલ મુજબની વસ્તુ લીધેલ નથી તેવું આ સાક્ષીનું નિવેદન નથી માત્ર બીલ ખોટું બનાવેલ હોય કે ચેકચાક કરેલ હોય તેવા સંજોગોમાં આ પાઇપ નોઝલની માલીકી અરજદારની નથી તેમ કહી ન શકાય પરંતુ જયારે કંપનીનું કથન હોય કે અરજદાર પાસેથી નિકળેલ નોઝલ પાઇપ કંપનીની માલીકીનો છે તો તે તેઓએ નિશંકઃપણે પુરવાર કરવું જોઇએ જે બાબત આ કામે ફરિયાદ પક્ષ પુરવાર કરી શકેલ નથી. માત્ર અરજદારના રજુ કરેલ બીલ એ ફેબ્રીકેટેડ હોય જેથી આ કંપની આ નોઝલ પાઇપની માલીકી કંપીનીનું હોવાનું તારણ આ કામના તપાસ અધિકારીએ કરેલ છે જે તારણ બેઝલેસ છે. હકીકતે કંપનીનો આક્ષેપ હોય કે અરજદાર પાસેથી જે નોઝલ પાઇપ મળી આવેલ છે તે કંપનીની માલીકીની છે તો તેઓએ આ કામે તેના ખરીદી અંગેના બીલો રજુ કરવા જોઇએ તેમજ આ સ્ટોક રાખનાર કંપનીના કર્મચારીને તપાસવા જોઇએ તેમજ આ સ્ટોકના આવક અને જાવક તેમજ વપરાશ અંગેના પત્રકો રજુ કરી આ અરજદાર પાસેથી મળેલ નોઝલ પાઇપ એ કંપનીના માલીકીનું હોવાનું પુરવાર કરવું જોઇએ. જે પુરવાર કરવામાં ફરીયાદ પક્ષ નિષ્ફળ ગયેલ છે. જેથી આ કામે તપાસ અધિકારીએ જે તારણો આ કામે રજુ કરેલ છે તે તારણો ફાઇન્ડીગ્ઝ બેઝલેસ અને પરવર્સ હોવાનું અત્રેની કોર્ટનું માનવું છે.

(બી) મુદ્દા નં.૨ ની ચર્ચા :–

ઉપર જણાવ્યા મુજબ અરજદારની સામે કરવામાં આવેલ ખાતાકીય તપાસમાં તપાસ અધિકારીના તારણો બેઝલેસ અને પરવર્સ હોવાનું ઠરાવેલ છે ત્યારે આ કામે અરજદારને જે બરફરફીની સજા કરવામાં આવેલ છે તે તપાસ અધિકારીના તારણના આધારે આપવામાં આવેલ છે અને આ તપાસ અધિકારીના તારણો પરવર્સ અને બેઝલેસ હોય જેથી તપાસ અધિકારી દ્ધારા કરવામાં આવેલ આ સજા એ ગુનાના પ્રમાણમાં ખુબ વધુ સજા કહેવાય. આ કામે જયારે તપાસ કરનાર અધિકારીના તારણો વ્યાજબી અને ટકવાપાત્ર ન હોય ત્યારે તેઓ દ્ધારા કરવામાં આવેલ આ સજા પણ ટકવાપાત્ર રહેતી નથી. જેથી અરજદારને કરવામાં આવેલ બતરફીની શિક્ષા ગેરકાયદેસર અને ગેરવ્યાજબી છે અને રદ્દ થવા પાત્ર છે તેવું અત્રેની અદાલત માને છે.

(સી) મુદ્દા નં.૩ અને મદ્દા નં.૪ ની ચર્ચાઃ–

આ કામે ઉપરોક્ત મુદ્દાઓમાં ચર્ચા કર્યા મુજબ જયારે અરજદારની સામે કરવામાં આવેલ ખાતાકીય તપાસના તારણો બેઝલેસ અને પરવર્સ પુરવાર થતા હોય ત્યારે સામાન્ય રીતે અરજદાર નોકરીમાં પુનઃ સ્થાપિત થવા માટે હક્કદાર બને છે સિવાય કે પુનઃ સ્થાપિત ન કરવા અંગે કોઇ યોગ્ય અને વ્યાજબી કારણ હોય આ કામે કેસનું રેકર્ડ જોતા અરજદાર તા.૧૫/૦૨/૧૯૭૬ થી સામાવાળી કંપનીમાં ડ્રાઇવર તરીકે નોકરી કરતા હોવાનું અને છેલ્લે તેઓને માસીક રૂા.૭,૦૦૦/– પગાર ચુકવતા હોવાનું જણાવેલ છે. આ કામે સામાવાળી કંપનીએ પણ અરજદાર તેઓના કામદાર હોવાનું જણાવેલ છે અને આ કામે અરજદારને તા.૨૫/૦૮/૨૦૦૧ ના રોજ હુકમથી છુટા કરવામાં આવેલ છે અને સામાવાળી સંસ્થાએ આ કામના અરજદાર તા.૨૫/૧૧/૨૦૦૩ ના રોજ

વયમર્યાદાને કારણે નિવૃત થઇ ગયેલ છે તેવું તેમના જવાબમાં જણાવેલ છે તેથી નવેમ્બર–૨૦૦૩ પછી તેઓને પુનઃસ્થાપિત કરી શકાય નહીં તેવી સામાવાળાની દલીલ છે. આ કામે અરજદારે તેઓના સોગંદનામામાં પણ તેઓની જન્મ તા.૨૫/૧૧/૧૯૪૩ હોવાનું જણાવેલ છે અને તે અંગેનો પુરાવો આંક–૪૧ થી જન્મ તારીખનો દાખલો રજુ કરેલ છે તેમજ તેઓએ સરતપાસમાં કંપનીનમાં ૬૦ વર્ષે નિવૃત થતા હોવાનું જણાવેલ છે. આમ, અરજદારે તા.૨૫/૧૧/૨૦૦૩ ના રોજ ૬૦ વર્ષ પુરા જતા હોય નિવૃત થઇ ગયેલ છે. જેથી અરજદારને હાલ પુનઃસ્થાપિત કરવાનો કોઇ પ્રશ્ન રહેતો નથી. હવે જયારે અરજદારને પુનઃસ્થાપિત કરવાનો પ્રશ્ન રહેતો ન હોય ત્યારે અરજદારને પુનઃસ્થાપિત કરવાના બદલે તેમજ પડેલ દિવસોના પગાર અંગે વળતર મેળવવા હક્કદાર થાય છે કે કેમ? તે નક્કી કરવાનું રહે છે. આ કામે અરજદારનું માંગણા નિવેદન જોતા તેઓએ કંપનીમાં વર્ષ–૧૯૭૬ થી નોકરી કરતા હતાં અને તેઓને તા.૨૩/૦૮/૨૦૦૧ ના રોજ છુટા કરેલ છે જયારે તેઓની નિવૃતી તારીખ નવેમ્બર–૨૦૦૩ થાય છે. જે જોતા આ કામના અરજદારની ૨ વર્ષ જેટલી નોકરી બાકી રહે છે. આ કામે અરજદારને બરતરફ કર્યા બાદ તેઓએ અત્રેની કોર્ટમાં વર્ષ–૨૦૦૧ માં કેસ દાખલ કરેલ છે પરંતુ ત્યારબાદ તેઓ કોર્ટમાં હાજર રહેલ નથી તેવું કેસના રેકર્ડ પરથી જણાય આવે છે. આ કામે કેસનું રેકર્ડ જોતા અરજદાર હાજર રહેતા ન હોય જેથી સામાવાળી સંસ્થાએ વર્ષ–૨૦૦૮ માં માંગણા નિવેદનનો હક્ક બંધ કરવાની અરજી આપેલ ત્યારબાદ પણ અરજદાર હાજર રહેતા ન હોય આંક–૪ થી તા.૨૩/૦૪/૨૦૦૯ ના રોજ અરજદારનો માંગણા નિવેદન રજુ કરવાનો હક્ક બંધ કરવા અરજી આપવામાં આવેલ ત્યારબાદ કોર્ટ દ્ધારા અરજદારને તા.૨૮/૦૪/૨૦૦૯ ના રોજ નોટીસ કાઢવામાં આવેલ જે નોટીસ બજયા અંગેનો બેલીફનો શેરો છે તેમ છતાં

અરજદાર તરફે માંગણા નિવેદન રજુ ન થતા તા.૧૩/૦૮/૨૦૦૯ ના રોજ આંક-૬ થી અરજદારનું માંગણા નિવેદન રજુ કરવાનો હક્ક બંધ કરવામાં આવેલ અને ત્યારબાદ અરજદારે તા.૦૧/૦૮/૨૦૧૩ ના રોજ માંગણા નિવેદન રજુ કરવાનો હક્ક ખોલાવીને માંગણા નિવેદન રજુ કરેલ છે. જે રેકર્ડ જોતા આ કામના અરજદારે ૧૨ વર્ષના લાંબા સમયગાળા બાદ માંગણા નિવેદન રજુ કરેલ છે. જે બાબતોને ધ્યાને લેતા તેમજ અરજદાર ડ્રાઇવર હોય અને આ ડ્રાઇવર તરીકેની કામગીરી સમાજમાં સરળતાથી મળી રહે તેવું અત્રેની કોર્ટનું માનવું છે તેમજ આ કામે અરજદારે નોકરી મેળવવા માટે અન્ય જગ્યાએ પ્રયત્ન કરેલ છે તેવું માંગણા નિવેદનમાં જણાવેલ છે પરંતુ તે અંગેના કોઇ દસ્તાવેજી પુરાવાઓ આ કામે રજુ કરેલા નથી. કામદાર છુટા થયા બાદ બેકાર રહેલ હોય તે પુરવાર કરવાની જવાબદારી જે તે કામદારના શીરે છે. બેંક વેઝીસનો હુકમ કરતી વખતે કામદારની નોકરીની લંબાઇ, કામદારનું કોલીફીકેશન, કામ મળવાની શકયતાઓ તથા કામ શોધવા કરેલ પ્રયત્નો વગેરે ધ્યાને લઇ નિર્ણય કરવો જોઇએ તેવા કાયદાકિય પ્રસ્થાપિત સિદ્ધાંતો છે. અરજદારે રેફરન્સ-૨૦૦૧ માં દાખલ કર્યા બાદ વર્ષ-૨૦૧૩ માં માંગણા નિવેદન રજુ કરેલ છે. આમ, અરજદારે પોતાના કેસ અંગે કોઇ દરકાર દાખવેલ નથી તે બાબત પણ ધ્યાને લેવી જોઇએ. આમ, ઉપરોક્ત હકીકતોને ધ્યાને લઇ અરજદાર નિવૃતી વય મર્યાદા વટાવી ચુકવેલ હોય જેથી તેઓને પુનઃસ્થાપિત તેમજ પડેલ દિવસોના પગાર પેટે ઉચ્ચક વળતર તરીકે રૂ.૪૫,૦૦૦/- ચુકવવાનો હુકમ કરવામાં આવે તો ન્યાયનું હિત જળવાય રહેશે તેવું અત્રેની અદાલતનું માનવું છે.

ઉપરોક્ત ચર્ચાના આધારે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

// હુકમ //

(૧) હાલના અરજદારને તા.૨૩/૦૮/૨૦૦૧ ના રોજ કરેલ બરતરફીનો હુકમ આથી રદ્દ કરવામાં આવે છે.

(૨) આ કામે સામાવાળાએ અરદારને પુનઃ સ્થાપન તથા પડેલ દિવસોના પગાર પેટે કુલ વળતરની રકમ રૂા.૪૫,૦૦૦/- (અંકે રૂપિયા પીસ્તાલીસ હજાર પુરા) ચુકવી આપવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) આ હુકમનો અમલ એવોર્ડ પ્રસિદ્ધ થયેથી દિન-૩૦ માં કરવાનો રહેશે.

તા.૦૮/૧૦/૨૦૨૦
સ્થળ: ભાવનગર

(ભાવેશ કિશોરકુમાર રાવલ)
U.I.C. No.GJ01255
પ્રમુખ અધિકારી
શ્રમ અદાલત નં.૨, ભાવનગર.